દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૨ વર્ષ

શુક્રવાર ૨૫ ઓક્ટોબર, ૨૦૨૪

સોના-ચાંદીના ભાવ વધીને ક્યાં સુધી પહોંચશે?

છેલ્લા કેટલાયે દિવસોથી સોના-ચાંદીના ભાવો સતત વધી રહ્યા છે. સોનાની કિંમતો રાષ્ટ્રીય રાજધાનીમાં મંગળવારે પ્રતિ દસ ગ્રામ રૂ. ૩૫૦ વધીને રૂ.૮૧૦૦૦ની નવી ઓલ ટાઇમ હાઇ સપાટીએ પહોંચી હતી જ્યારે ચાંદીનો ભાવ કિલોદીઠ રૂ. ૧૫૦૦ ઉછળીને રૂ. ૧૦૦૦૦૦ની વિક્રમી અને મનોવૈજ્ઞાનિક સપાટીને વટાવી ગયો હતો અને દેશના કેટલાક ભાગોમાં તો આ પહેલા જ ચાંદીનો ભાવ રૂ. એક લાખને વટાવી ગયો હતો. સોના અને ચાંદીના સતત વધતા ભાવો જેમની પાસે અગાઉથી આ કિંમતી ધાતુઓ સારા પ્રમાણમાં છે તેમને ગલગલિયા કરાવી રહ્યા છે તો જેમને નવી ખરીદી કરવાની જરૂર છે, ખાસ કરીને મધ્યમ વર્ગના લોકોને, કે જેમને ઘરમાં લગ્ન પ્રસંગ જેવા કોઇ પ્રસંગ માટે સોના અને ચાંદીના ઘરેણાઓ વગેરેની ખરીદી કરવાની જરૂર છે તેમને ચિંતા કરાવી રહ્યા છે.

સતત પાંચમા દિવસે પોતાની ઉપર તરફની ગતિ જાળવી રાખતા ચાંદીની કિંમત રૂ. ૧૫૦૦ પ્રતિ કિલોગ્રામ ઉછળીને રૂ. ૧.૦૧ લાખ પ્રતિ કિલોની નવી સપાટીએ પહોંચી હતી, જે આ પહેલા સોમવારે રૂ. ૯૯૫૦૦ પર બંધ રહી હતી. ચાંદીનો વર્તમાન ભાવવધારો એ તહેવારોની ખરીદી ઉપરાંત વધેલી ઔદ્યોગિક માગથી પણ દોરવાયેલો છે. ઇલેક્ટ્રિક વાહનોના સેક્ટર, ફોટોવોલ્ટેઇક એપ્લિકેશનો વગેરે માટે તેની માગ વધી છે. આ ઉપરાંત ઝવેરાત અને વસ્ત્રો માટે પણ ચાંદીની માગમાં ખાસ કરીને તહેવારોની સિઝનમાં વધારો દેખાય છે. સોનાના પ્રમાણમાં ચાંદીની માંગ સામાન્ય રીતે ઓછી રહે છે. જો કે સોના કરતા ચાંદી વધુ ઉપયોગી ધાતુ છે. તે ફક્ત ઘરેણાઓમાં જ નહીં પણ બીજી અનેક વસ્તુઓમાં વપરાય છે. વસ્ત્રોમાં પણ ચાંદીના તારનો ઉપયોગ થાય છે. કેટલાક પ્રકારના ઇલેક્ટ્રીક સાધનોમાં પણ તેનો ઉપયોગ થાય છે. હાલમાં ઇલેક્ટ્રીક વાહનોના વધેલા વપરાશને કારણે ચાંદીનો વપરાશ પણ વધ્યો છે. ઉપરાંત ઝવેરાત માટે તો તેની જરૂર રહે જ છે. સોનુ અને ચાંદી, ખાસ કરીને સોનુ રોકાણ માટેની અગત્યની અસક્યામતો પણ ગણાય છે અને વિપરીત વૈશ્વિક સંજોગો હોય ત્યારે તેમના ભાવ ઉંચા જાય જ છે. હાલમાં વિશ્વમાં અનેક મોરચે તનાવ છે ત્યારે સોના-ચાંદીનો આ ભાવવધારો, ખાસ કરીને સોનાની કિંમતમાં વધારો એ વૈશ્વિક આર્થિક પ્રવાહોથી પણ દોરાયેલો જણાય છે. ચીનમાં વિકાસની ચિંતાઓ, પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તનાવો અને મોટા ભાગની વૈશ્વિક મધ્યસ્થ બેંકો દ્વારા વ્યાજના દરોમાં રખાયેલી યથાવત સ્થિતિ વગેરેને કારણે પણ સોનાના ભાવો વધ્યા હોવાનું જણાય છે. મુશ્કેલ આર્થિક સંજોગો દરમ્યાન, રોકાણકારો સલામત અસક્યામત ગણાતા સોનામાં રોકાણ કરવા તરફ વળે છે તેથી તેની કિંમત વધે છે.

સોના ચાંદીના ભાવોની આ ઉર્ધ્વ ગતિએ રોકાણકારોને તેમની વ્યૂહરચનાનું પુન:મૂલ્યાંકન કરવા માટે પ્રોત્સાહિત કર્યા છે, ખાસ કરીને વૈશ્વિક અશાંતિ વચ્ચે સોનાની સેફ-હેવન અપીલ તેજસ્વી રીતે ચમકી રહી છે. સોનાના ભાવો વધવાનું એક કારણ કેટલીક વૈશ્વિક મધ્યસ્થ બેંકો દ્વારા તેમના દર કાપની બાબતમાં અચોક્કસ સ્થિત પણ જણાય છે. આગામી અમેરિકી પ્રમુખપદની ચૂંટણીએ પણ બજારની અસ્થિરતામાં વધારો કર્યો છે, રોકાણકારોએ સોનામાં રોકાણ કરવાનું સલામત સમજ્યું છે કારણ કે ચૂંટણીના પરિણામોની આસપાસની અનિશ્ચિતતાઓ વધી રહી છે.ભૂતપૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને વાઇસ પ્રેસિડેન્ટ કમલા હેરિસ ચુસ્ત રેસમાં વ્યસ્ત હોવાથી રોકાણકારો વૈશ્વિક બજારો પર સંભવિત અસરથી સાવચેત છે. ભારતમાં તો તહેવારો અને લગ્નની મોસમની માંગે વૈશ્વિક સંકેતો સાથે મળીને સોનાના ભાવને અભૂતપૂર્વ સ્તરે ધકેલી દીધા છે. તહેવારોની માંગને પહોંચી વળવા સ્થાનિક જ્વેલર્સની વધેલી ખરીદીએ ભાવમાં વધારો કર્યો છે. અને તહેવારોની સિઝન પુરી થાય પછી લગ્ન ગાળો આવશે અને તેને કારણે પણ સોનાની માગ ઉંચી રહી શકે છે. સોનુ અને ચાંદી એ કિંમતી ધાતુઓ છે. આમ તો પ્લેટિનમ ખૂબ જ મોંઘી ધાતુ છે પણ સામાન્ય લોકોને તેમાં રસ નથી. સદીઓથી સોનું અને ચાંદી માનવ જાતને આકર્ષિક કરતું આવ્યું છે. ભારત સહિતના અનેક એશિયાઇ દેશોમાં સોનું એ કૌટુંબિક દરજ્જાનો એક માપદંડ પણ ગણાય છે. ભારત, પાકિસ્તાન જેવા દેશોમાં સોનું એ અનેક મધ્યમ અને ગરીબ વર્ગના કુટુંબો માટે સંકટ સમયની સાંકળ પણ ગણાય છે. અચાનક કોઇ મોટા ખર્ચા આવી પડે તો આવા કુટુંબો પોતાની પાસે સોનુ હોય તે વેચીને જ કામ ચલાવે છે. સરકાર અને બેંકો માટે જ નહીં પણ નીચલા મધ્યમ વર્ગથી માંડીને અતિ ધનિકો સુધીનાઓ માટે સોનુ એક રોકાણનું સાધન મનાય છે. જો કે હવે સોનાનું નવુ ઉત્પાદન ઘણુ ઓછુ થઇ ગયું છે. દુનિયામાં સોનાની ઘણી ખાણો વસૂકી ગઇ છે જેની સામે સોનાનો વપરાશ ઘટ્યો નથી. ચાંદીમાં પણ ઉત્પાદનની સામે વપરાશ ઘણો વધારે જણાય છે. આથી સોના ચાંદીના ભાવ જ્યાં સુધી આ ધાતુઓ પ્રત્યે લોકોનું આકર્ષણ ઘટે નહીં ત્યાં સુધી વધતા જ રહે તેવી શક્યતા જણાય છે. વેચવાલીને કારણે વચ્ચે થોડોમ સમય ભાવ ઘટે પણ ખરા, પરંતુ તે વધવાનો ટ્રેન્ડ એકંદરે લાંબા સમય સુધી ચાલુ રાખશે એમ જણાય છે.

તું પહેલાં માણસ બન

એક શ્રીમંત શેઠને સાત ખોટનો એકનો એક દીકરો. શેઠાણીની આંખોનો તારો. શેઠ અને શેઠાણીના લાડ પ્યારથી દીકરો અભિમાની બની ગયો. મોઢામાં ચાંદીની ચમચી અને સોનાના ઘૂઘરા સાથે જન્મ્યો હતો એટલે મહેનત તો શું તે ખબર જ ન હતી. પાણી માંગતાં દૂધ હાજર અને નાનપણમાં બુટની દોરી બાંધવા અને સ્કૂલબેગ ઉપાડવા પણ નોકર હાજર. આવો પરાવલંબી દીકરો મોટો થયો. માંડ માંડ ટ્યુશનની મદદથી 10 મી પાસ થયો. ડોનેશનથી કોલેજમાં પ્રવેશ મેળવ્યો અને બાપના પૈસાની મદદથી મિત્રો પણ મળી ગયા પણ તે ન કંઈ શીખ્યો, ન કંઈ ગણ્યો, ન કંઈ જાણ્યું. બસ હરવા ફરવામાં વર્ષો વીત્યાં અને અભ્યાસ અધૂરો રહ્યો. શેઠાણીએ લાડકા દીકરાનું ઉપરાણું કર્યું કે ભલે ન ભણે, એણે ક્યાં નોકરીનો ઇન્ટરવ્યુ આપવા જવાનું છે. પોતાના નાલાયક કહી શકાય તેવા અભિમાની અને ઉદંડ છોકરાને ધંધામાં પલોટવાની તૈયારી શેઠે શરૂ કરી. શેઠ તેને પોતાની જોડે દુકાને લઈ જાય પણ દીકરો અભિમાની અને આળસુ 'નાના શેઠ'બની દુકાનમાં બધા પર રોફ કરે. કંઈ શીખવાની ઘગશ નહીં. ખુરશી પર બેઠા બેઠા બસ ઓર્ડર કરે. એક દિવસ મોટા શેઠ દુકાનના કામે બહાર ગયા હતા અને નાના શેઠ તો મોટા શેઠની ખુરશી પર બેસીને ઝૂલતા હતા. બપોરનો સમય હતો. દુકાનના માણસો નાના શેઠની પરવાનગી લઈને જમવા બેઠા. થોડી વારમાં એક ગ્રાહક આવ્યો. નાના શેઠે તો હમણાં કોઈ માણસ નથી પછી આવજો એમ કહી તેને વિદાય કરી દીધો. થોડી વાર રહીને એક ગરીબ દંપતી આવ્યું. તેમને કંઈ ખરીદવું ન હતું પણ પત્ની ગર્ભવતી હતી અને બપોરે પાણીની તરસ લાગી હતી તેથી હિંમત કરી દુકાનમાં આવ્યાં કે પાણી તો મળશે. તેમને જોતાં જ નાના શેઠે ગુસ્સામાં કહ્યું, 'અહીં તમારે માટે કંઈ નથી, આગળ જાઓ.'પતિએ વિનંતી કરતાં ધીમેથી કહ્યું, 'અમને કંઈ લેવું નથી, કંઈ જોઈતું નથી માત્ર મારી ગર્ભવતી પત્નીને પાણીની ખૂબ સરસ લાગી છે. એક ગ્લાસ પાણી મળશે.' નાના શેઠે ફરી એ જવાબ આપ્યો કે, 'હમણાં કોઈ માણસ નથી પાણી નહીં મળે...'અને બરાબર એ જ સમયે મોટા શેઠ આવ્યા. સૌથી પહેલાં તેમણે ગર્ભવતી સ્ત્રીને પાણીનો ગ્લાસ ભરીને આપ્યો અને પછી બધાને સંભળાય તેમ બોલ્યા, 'અમારો જ વાંક છે. અમે અમારા દીકરાને માણસ નહીં પણ પથ્થર બનાવ્યો છે.દીકરા, તું માણસ બન, નહીં તો અમારું નામ વગોવાશે.'દીકરાને પોતાની ભૂલ સમજાઈ ગઈ. તેણે પિતાની માફી માંગી.

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

આર્થિક અસમાનતાને સમજાવતા અર્થશાસ્ત્રીને ૨૦૨૪નો નોબેલ પુરસ્કાર

કહેવાની વાત

નેહા શાહ

નોબેલ વિજેતા ત્રિપુટીનું માનવું છે કે જ્યાં સુધી રાજકીય તંત્રને કારણે મુઠ્ઠીભર ઉમરાવોને જ ફાયદો થતો દેખાય ત્યાં સુધી લોકોને રાજકીય પ્રક્રિયામાં વિશ્વાસ બેસતો નથી

કોઈ દેશ અમીર કેમ અને કોઈ દેશ ગરીબ કેમ? આ પ્રશ્નનો જવાબ વર્ષોથી માણસ શોધી રહ્યો છે. પ્રદેશની ભૌગોલિક રચના, સાંસ્કૃતિક પરિબળો તેમજ ઐતિહાસિક વારસા જેવાં કારણોમાં જવાબ શોધવાના પ્રયત્નો થતા રહ્યા છે. એવું એક અગત્યનું ઐતિહાસિક પરિબળ છે સંસ્થાનવાદી ઈતિહાસ. જેના લાંબા ગાળાની અસર સમજાવતો અભ્યાસ પ્રો. એસમોગ્લૂ, પ્રો જોહન્સન અને પ્રો. રૉબિન્સને કર્યો જે માટે ૨૦૨૪નું અર્થશાસ્ત્રનું નોબેલ પારિતોષિક તેમને એનાયત થયું. પ્રો. એસમોગ્લૂ, અને પ્રો જોહન્સન એમ.આઈ.ટી સાથે જોડાયેલા છે અને પ્રો. રૉબિન્સન શિકાગો યુનિવર્સિટીમાં અધ્યાપનનું કામ કરે છે. વર્તમાન સમયમાં પ્રવર્તતી વૈશ્વિક આર્થિક અસમાનતા પાછળનું પગેરું એમણે શોધ્યું છે. ૫૦૦ વર્ષના સંસ્થાનવાદના ઈતિહાસમાં જેમ અંગ્રેજોએ ભારતને પોતાનું સંસ્થાન બનાવી લગભગ ૨૦૦ વર્ષ રાજ કર્યું તેમ યુરોપના ઘણા દેશોએ વિશ્વના જુદા જુદા ભાગમાં પોતાનાં સંસ્થાન બનાવ્યાં. ઉદ્દેશ તો મહત્તમ આર્થિક લાભ મેળવવા લાંબુ ટકી રહેવાનો જ હતો, એ માટે જે તે દેશમાં રાજ કરવાની અલગ અલગ નીતિ અપનાવી અને સંસ્થાકીય માળખા ઊભા કર્યા. નીતિઓના આધારે સંસ્થાન દેશોને બે ભાગમાં વહેંચી શકાય. એક, જ્યાં તેઓ વસીને સ્થાયી થયા. આ દેશોમાં તેમણે આર્થિક સ્વતંત્રતાને ટેકો કરી શકે એવા લોકશાહી માળખા ઊભા કર્યા. દા.ત. યુ. એસ., ઓસ્ટ્રેલિયા, કે ન્યુઝીલેન્ડ. આ દેશોમાં વિકાસ લાંબા ગાળા સુધી ટકી શક્યો અને એનો ફાયદો સામાન્ય લોકો સુધી પણ પહોંચ્યો. બે, એવા દેશો કે જ્યાં સંસ્થાન બનાવી તેઓ વસવા નહોતા માંગતા. એમને માત્ર ત્યાંનાં સંસાધનોનો ઉપયોગ કરી સંપત્તિ ઊભી કરવામાં રસ હતો. આ માટે એવા સંસ્થાકીય માળખા ઊભા કર્યા જેનાથી સ્થાનિક લોકોનું તેમજ ત્યાંનાં કુદરતી સંસાધનો શોષણ કરી શકાય. દા. ત. ભારત. આ સંસ્થાકીય માળખા એટલે બીજું કશું નહીં પણ સ્પષ્ટ રૂપે લખાયેલા કાયદાઓ તેમજ સમાજમાં પ્રવર્તતી માન્યતાઓ. એટલે જ એની અસર આટલા લાંબા સમય પછી આજે પણ દેખાય છે. તો સવાલ તો ઊભો થાય છે કે આ માળખું સુધારવા તરફ કોઈ પગલાં કેમ લેવાતાં નથી?

સંસ્થાનવાદમાંથી આઝાદી મળ્યા પછી ભારત અને એના જેવા ઘણા દેશોમાં રાજકીય લોક તંત્ર છે. પણ શું એ ખરેખર સર્વ સમાવિષ્ટ છે? શું ખરેખર છેવાડે બેઠેલાં લોકોનું પ્રતિનિધિત્વ સાચા અર્થમાં થાય છે? શું એક મત આપી શકવાના અધિકારથી દરેક વ્યક્તિના હિતની વાત સત્તા સુધી પહોંચે છે? નોબેલ વિજેતા ત્રિપુટીનું માનવું છે કે જ્યાં સુધી રાજકીય તંત્રને કારણે મુઠ્ઠીભર ઉમરાવોને જ ફાયદો થતો દેખાય ત્યાં સુધી લોકોને રાજકીય પ્રક્રિયામાં વિશ્વાસ બેસતો નથી અને તેઓ મતાધિકારનો ઉપયોગ કરી સત્તાપરિવર્તન કરવાનો પ્રયત્ન કરે છે. બીજી તરફ સત્તાની નજીક રહેલા અમીર - ઉમરાવોને વિશ્વાસ નથી બેસતો કે તેમને થયેલા આર્થિક નુકસાનની ભરપાઈ કઈ રીતે થશે. એટલે બંને પક્ષે પરસ્પર અવિશ્વાસ રહે છે, જેને પરિણામે સમાજ બે વર્ગમાં વિભાજિત રહે છે - એક તરફ ગરીબીમાં જીવતાં લોકો છે તો બીજી તરફ સંપત્તિમાં આળોટતા મુઠ્ઠીભર સત્તા ભોગવતો અમીર વર્ગ! એવું નથી કે પરિવર્તન શક્ય નથી. ઘણાં બિનલોકશાહી દેશોએ પણ લોકશાહી તરફ પ્રયાણ કર્યું છે. એ શક્ય એટલા માટે છે કે મતાધિકાર વગરની જનતાનો પણ સત્તાને ડર લાગે છે કારણકે તેમનું સંખ્યાબળ ઘણું મોટું છે જે ક્રાંતિ લાવી શકે છે.

આ અભ્યાસનાં તારણોના સંદર્ભે જો વર્તમાન આર્થિક નીતિઓને સમજીએ તો જાણે ઈતિહાસનું પુનરાવર્તન થતું હોય એવું લાગે છે. આજે પણ ભારત સહિત મોટા ભાગના દેશોમાં સત્તાની નજીક હોય એવા મુઠ્ઠીભર લોકોને ફાયદો થઈ શકે એવી નીતિઓ અપનાવવામાં આવી રહી છે, જેને 'ક્રોની કેપીટાલીસમ'કહેવાય. લોકો ઝડપથી પોતાનાં સંસાધનો પરનો કાબૂ ગુમાવી રહ્યાં છે અને શ્રીમંતો અનેક ગણી ઝડપે વધુ ને વધુ શ્રીમંત બની રહ્યાં છે. ખાસ કરીને નેવુંના દાયકામાં જે આર્થિક નીતિઓ અને કાયદામાં ફેરફાર કરવામાં આવ્યા એ પછી વિકાસે જે હરણફાળ ભરી છે એનાથી લોકોનું જીવનધોરણ ઘણું ઊંચું આવ્યું હોવાની સાથે અસમાનતા પણ એ જ ઝડપે વધી, તેમજ પર્યાવરણને નુકસાન પણ એ જ ઝડપે થયું છે. આ સંદર્ભે વર્તમાન વિકાસના લાંબા ગાળે ટકી રહેશે કે કેમ એ સવાલ પૂછવો વ્યાજબી છે અને જો એનો જવાબ આપણે સૌ જાણીએ છીએ એમ, જો નકારાત્મક હોય તો વિકાસની જે દિશા પકડીને આપણે ચાલ્યા છીએ એને બદલવા માટેના પ્રયત્ન તાત્કાલિક ધોરણે કરવા પડશે. અહીં બે-ચાર વૃક્ષારોપણના કાર્યક્રમોથી વાત નહીં બને, પણ નીતિગત ફેરફારો કરવા પડશે. શક્ય છે કે વિકાસની ગતિ એનાથી ધીમી પડે. પણ, હવે પસંદગી ધીમો અને લાંબા ગાળાનો વિકાસ વિરુધ્ધ ઝડપી અને આત્મઘાતી વિકાસ વચ્ચેની છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ભારતની મૂળભૂત સાંસ્કૃતિક સમજણને જાળવવાનું કામ આપણા સૌનું છે

રાજ કાજ ગુજરાત

કાર્તિકેય ભટ્ટ

સરકારે તહેવારોનું વેપારીકરણ અને કર્મકાંડોનો ધંધો અટકાવી સાચી સમજણથી તહેવારો ઉજવાય તે જોવું જોઈએ

ભારત ખેતીપ્રધાન દેશ હતો.હતો એટલા માટે કારણ કે પહેલાં ભારતની રાષ્ટ્રીય આવકમાં ખેતીનો હિસ્સો ૫૦% થી વધુ રોજગારીમાં ૮૦ % થી વધુ અને નિકાસો પણ ખેતીપ્રધાન વસ્તુઓની હતી પણ હવે આવકમાં માત્ર ૧૪% થી પણ હિસ્સો ઓછો થઈ ગયો છે.નિકાસો ઔદ્યોગિક થઈ ગઈ છે અને માત્ર રોજગારીમાં હિસ્સો ૫૨% થી વધુનો ટકી રહ્યો છે એટલે ઘણા અર્થશાસ્ત્રીઓ માને છે કે હવે ભારત ખેતીપ્રધાન નથી રહ્યો.

ભારતમાં ખેતી એ માત્ર વ્યવસાય નથી, એ જીવનની રીત છે પણ હવે આ સમજણ ઓછી થતી જાય છે.ભારતમાં ખેતી આપણા રોજિંદા જીવન સાથે વણાયેલી હતી પણ હવે શહેરી સમજણમાંથી આ બધું નીકળી રહ્યું છે. આ સાતમ આઠમના તહેવારો જ લો ને.દેખીતી રીતે ધાર્મિક લાગતી આ પરમ્પરાના મૂળમાં ખેતી રહેલી છે.નાગપાંચમથી શરૂ કરો.પહેલાં નાગની પૂજા, પછી ગાયની પૂજા, પછી અગ્નિની પૂજા,વરસાદની પૂજા, ઘાસની પૂજા.એક વાત યાદ રાખો, તહેવારો સમાજની પરંપરામાંથી આવે છે (અને ડે ઉપરથી) ખેડૂતને ખેતરમાં રોજ જીવ જંતુ સાપ વીંછી સાથે પનારો પાડવાનો.વળી ખેતી માટે અળસિયાં ઉપયોગી.સાપ હોય તો ઉંદરડા ના આવે.ગાય તો દૂધ અને આવકનો મોટો આધાર અને આર્યો અગ્નિપૂજક એટલે અગ્નિને દેવ માને.અત્રે એક વાત યાદ કરવું કે ભારતીય પરમ્પરામાં આપણે એવું છે કે જે બાબત માણસને જીવન જીવવામાં ઉપયોગી થાય એ બાબતને વરસમાં એક વાર થેન્ક્યુ કહેવું.આગ, પાણી, હવા એ તો જીવનના આધાર એટલે એને તો પંચતત્ત્વો ગણ્યાં અને ભગવાન પણ માન્યા પણ સાથે સાથે નદી, પર્વત, વૃક્ષ, ગાય એ બધું પણ ખેતી માટે ઉપયોગી એટલે વરસમાં એક દિવસ એને પણ થેંક્યુ કહેવાનું રાખ્યું. ભારતમાં પહેલા વરસમાં બે વાર કે વધુમાં વધુ ત્રણ વાર પાક લઈ શકતા એટલે ખેતી થાય ...પાક તૈયાર થાય ત્યારે ઉત્સવ આવે.ચોમાસું ખેતીનો પાક આવે ત્યારે નવરાત્રી આવે અને શિયાળુ ખેતીનો પાક આવે ત્યારે ધુળેટી આવે.ટૂંકમાં આથેવારો ખેતીપ્રધાન ભારતની પરમ્પરા છે અને હવે સ્માર્ટ સીટીમાં તે ઉજવાય છે ત્યારે તહેવારોનો વિચાર ગાયબ થયો અને ટ્રેડીશન આગળ ચાલી.ઉજવણી કરવાની પણ વિચાર્યા વગર ..સમજણ વગર ....હવે આપણો મૂળ પ્રશ્ન એ કે શું સત્તાવાળાની આ બાબત જવાબદારી ખરી કે નહિ.સાંસ્કૃતિક સમજણને આગળ વધારવામાં સત્તાવાળા ભાગ ભજવી શકે?..એ કામ તે કરે? કરવું જોઈએ? તો જવાબ છે હા.ભારતના બંધારણ મુજબ દેશના સાંસ્કૃતિક વારસાને આગળ વધારવાનું કામ સરકારોનું પણ છે અને હમણાં હમણાં દેશમાં સામાજિક વિસંવાદિતાના જે પ્રશ્નો ઊભા થયા છે તે હળવા કરવામાં આ સમજણ ખૂબ ભાગ ભજવે છે. સરકારે તહેવારોનું વેપારીકરણ અને કર્મકાંડોનો ધંધો અટકાવી સાચી સમજણથી તહેવારો ઉજવાય તે જોવું જોઈએ.આ માટે માત્ર સરકારી ઉત્સવો અને તેનું બજારુ રૂપ અમલમાં નથી મૂકવાનું પણ શિક્ષણમાં આ સમજણ સામેલ કરવાની છે.કાયદાઓમાં તે લાવવાની છે અને આ વારસાને જળવવા મથતાં લોકોને મદદ કરવાની છે.

આપણા શિક્ષણથી માંડીને કોર્ટ કચેરી બધું જ ઉદ્યોગપ્રધાન શહેરોને ધ્યાનમાં રાખીને ચાલે છે.ખેતીને ધ્યાનમાં રાખીને આ બેંકો,સ્કૂલો ,સરકારી ઓફિસો નથી ચાલતી.આજે સાતમ આઠમમાં સ્કૂલોમાં રજા હોય છે પણ ત્યાં કલાસીસો રજામાં ચિક્કાર હોય છે.યંત્રવત્ જીવનમાં તહેવારોનો આનંદ ઉમેરતો નથી.શહેરમાં આવેલાં સૌને ગામડે જવું હોય છે એની વ્યવસ્થા વિચારતી નથી.માત્ર કૃષિ મેળા કરવાથી વાત પૂરી ન થાય.ખેતીને અનુરૂપ વ્યવસ્થા ગોઠવાય તો ખેતી અને તે સાથે જોડાયેલા તહેવારો સાચી રીતે ઉજવાય અને આ વાત અમે એટલા માટે કરી રહ્યા છીએ કારણ કે અત્યારે રાજ્યમાં અને કેન્દ્રમાં સંસ્કૃતિપ્રેમી સરકાર છે (અથવા તો એવો દાવો કરતી સરકાર છે) સરકારે ગ્રામ્ય વિસ્તારો માટે અલગ અને શહેરી વિસ્તારો માટે અલગ વ્યવસ્થાઓ વિચારવી જોઈએ. ગામડામાં ખેતીના સમય મુજબ સ્કૂલો અને બેંકો અને મામલતદાર કચેરીઓ ચાલે, એમની ભાષામાં વાત કરે એવી રીતે ચાલે અને તેમના તહેવારો ઉજવવામાં સામેલ થાય તેવાં લોકોથી ચાલે તે ખૂબ જરૂરી છે પણ આ સમજણ આ લોકોને આપે કોણ?

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

માયાવી મિત્રની માયા

કહેવાય છે કે મિત્રો જ જીવન છે. મિત્રો સાથેની મૈત્રી, મોજ મસ્તી અને મહેફિલ સૌને ગમે છે. સૌને મિત્રો હોય છે અને હોવા જ જોઈએ.આ વાત ફક્ત સજીવ મિત્રોને જ લાગુ પડે છે એવું હરગીઝ નથી જ. ટી.વી, કોમ્પ્યુટર કે ફોન જેવા નિર્જીવ મિત્રો વગર હવે ભાગ્યે જ ચાલે. પણ આ મિત્રોમાં સૌથી જૂનામાં જૂના એવા એક અદ્ભુત "સ્થાનિક મિત્ર" પ્રત્યે આપ સૌનું ધ્યાન દોરવું છે. પરિસ્થિતિ ગમે તે હોય એ મિત્ર રોજ સવારે આપણને મળે તો જ દિવસ સારો જાય એવું આપ સૌએ પણ અનુભવ્યું જ હશે. એ અદ્ભુત મિત્ર ફક્ત મારો, તમારો જ નહીં પણ આખા ગુજરાતનો પણ મિત્ર છે, એટલે જ એનું નામ એકદમ યથાર્થ "ગુજરાત મિત્ર " છે. વર્ષ 1863 થી અવિરત સેવા આપી રહેલ આ સમાચારપત્ર ફક્ત એક છાપું જ નથી પણ પ્રત્યેક સુરતીનો એ જાણે "અંગત મિત્ર" છે. બહારગામ જતી વખતે મનમાં નક્કી એ પ્રશ્ન થાય છે કે 'ગુજરાતમિત્ર' ત્યાં મળશે કે કેમ? રોજ સવારે સ્નાન કર્યા પછી દર્પણ જોનારા સ્નાન કર્યા પહેલાં આ ગુજરાત દર્પણમાં જ જુએ છે. મોબાઈલ ટેકનોલોજી દ્વારા ઈ-પેપર ગમે તેટલી વિકાસની હરણફાળ ભરે, 'ગુજરાતમિત્ર' દૈનિક સમાચાર પત્રની પેપર કોપીના નિત્ય વાચનથી જ આજપર્યંત સાચો સંતોષ મળ્યો છે અને મળતો જ રહેશે. મારો એક અનોખો મિત્ર એટલે જ 'ગુજરાતમિત્ર'.

સુરત - વિજયકુમાર બારોટ

ઘર સાથે મનની પણ સફાઈ કરીએ

આપણા ભારત દેશમાં દિવાળી ટાણે ઘરની સફાઈ કરવાની વર્ષો જૂની પરંપરા છે. બાહ્ય સફાઈથી ઘર ચોખ્ખું થાય છે. ચાલો , 21મી સદીના ત્રીજા દાયકે ટેકનોલોજીના આ યુગમાં આપણે સૌ મનની સફાઈ પણ કરીએ. મનની સફાઈ થકી આપણે માનસિક સ્વાસ્થ્ય જાળવી શકીએ છીએ. વર્તમાન ડિજિટલ યુગમાં તણાવયુક્ત જીવન જીવતા માણસ માટે સ્વસ્થ મન અતિ આવશ્યક છે. મનની સ્વસ્થતા થકી શારીરિક રોગો થતાં અટકાવી શકાય છે. મનમાં રહેલા અંધકાર અને અંધશ્રદ્ધા દૂર કરવા માટે પણ મનની સફાઈ કરવી જરૂરી છે.મનની સફાઈ થકી ઉદાસી , બેચેની , હતાશા , ચિંતા , માનસિક રોગો, ગાંડપણ વગેરે દૂર કરી શકાય છે. મનની શાંતિ માટે તથા અન્ય પરત્વે સદ્ભાવ માટે પણ મનની સફાઈ અત્યંત જરૂરી છે. મનની સફાઈ માટે પ્રાણાયામ,યોગ,ધ્યાન ચોક્કસપણે મદદરૂપ થઈ શકે છે. મહદ્ અંશે શારીરિક આરોગ્ય માટે પણ માનસિક આરોગ્ય અંગે જાગૃતિ કેળવવી પડે છે. સમગ્ર વિશ્વમાં લાખો લોકો ડિપ્રેશનથી પીડાઈ રહ્યાં છે. હતાશા કે ડિપ્રેશન જાણે આજે ગ્લોબલ બની ચૂક્યાં છે.મનની સફાઈ થકી ડિપ્રેશનને દૂર કરી શકાય છે.દરરોજ છાપામાં આપણે વ્યક્તિગત કે સામુહિક આપઘાતના સમાચાર વાંચીએ છીએ. આત્મહત્યા એ પણ એક માનસિક બીમારી જ છે. માનસિક રીતે સ્વસ્થ માણસ સંજોગો, સમસ્યાઓ કે પડકારો સામે લડી શકે છે. જ્યારે માનસિક રીતે રોગી હોય તે નિષ્ફળતા પચાવી શકતો નથી. ચાલો , આપણે સૌ દિવાળી પર્વે મનની સફાઈ થકી માનસિક સ્વાસ્થ્ય માટે પણ સમય ફાળવીને સ્વસ્થ મન અને તન માટે પ્રતિબદ્ધ થઈએ.

નવસારી- ડો. જે .એમ. નાયક

કામદાર રાજ્ય વીમા યોજનાની સુરત ખાતેની હોસ્પિટલ બંધ થઈ ગઈ

સુરત ખાતેના 3 લાખ કરતાં વધારે કામદારો માટે રાજ્ય સરકાર દ્વારા સંચાલિત કામદાર રાજ્યા વીમા યોજના હોસ્પિટલ રિંગરોડ પર આવેલ સીતા હોસ્પિટલ સરકાર દ્વારા ભાડે રાખી ચલાવવામાં આવતી હતી પરંતુ આજથી એક માસ પહેલા કોઈ કારણસર આ સંપૂર્ણ હોસ્પિટલ અચાનક બંધ કરી પાંડેસરા જી આઈ ડી સી ખાતે આવેલ ઈ એસ આઈ ની એક નાની ડિસ્પેન્સરીમાં આ આખે આખી હોસ્પિટલ શિફ્ટ કરી 9 થી 5 માત્ર ઓપીડી જ ચલાવવામાં આવે છે. અહી દર્દી ને દાખલ થવાની, ઓપરેશન ની કે સાંજે 5 વાગ્યા પછી ઈમર્જન્સ ની કોઈ જ સુવિધા નથી તેમજ આ કહેવાતી હોસ્પિટલ શહેર થી એટલી બધી દૂર છે કે વીમા કામદાર દર્દીઓ દવા લેવા પણ ત્યાં સુધી પહોંચી શકતા નથી. હવે આજથી 20 દિવસ પહેલા ઈ એસ આઈ સી ઓફિસ અમદાવાદ દ્વારા આ હોસ્પિટલ ફરીથી સીતા હોસ્પિટલ રિંગ રોડ ખાતે શિફ્ટિંગ નો લેખિતમાં આદેશ થઈ ગયેલ હોવા છતા કોઈ અકળ કારણોસાર આજ દીન સુધી આ હોસ્પિટલ શિફ્ટ કરવામાં નથી આવી જેના કારણે દર મહિને લાખ્ખો રૂપિયા કપાવતા વીમા કામદારોને સાંજે 5 વાગ્યા પછી કે રાત્રે કોઈ ઈમર્જન્સ ઊભી થાય તો પાંડેસરા ખાતે આ હોસ્પિટલ બંધ હોવાથી અને દાખલ થવાની ઓપરેશન ની કે ઈમર્જન્સ સારવારની કોઈ જ સુવિધા નહી હોવાથી પોતાના ખર્ચે પ્રાઈવેટ હોસ્પિટલ માં કે પછી સિવિલ હોસ્પિટલ માં જવું પડે છે. તો આ બાબત નું તાત્કાલિક યોગ્ય નિરાકરણ આવે અને ફરીથી સીતા હોસ્પિટલ ખાતે સંપૂર્ણ હોસ્પિટલ શિફ્ટ થાય એવી વીમા કામદારોની માંગ છે.

સુરત - ઘણા બધા વીમા કામદારો વતી

ફરસાણના ભાવ પર નિયંત્રણ જરૂરી

દશેરા પર ફાફડા અને જલેબીનું સુરતમાં ધૂમ વેચાણ થયું. ફાફડા અને શુદ્ધ ઘીની જલેબી રૂ ૫૦૦ ના ભાવે વેચાયાં. (ટકે શેર ખાજા.. ટકે શેર ભાજી..) ફાફડા કપાસિયા તેલ કે સીંગતેલમાં બનાવવામાં આવ્યા હતા તેનો ઉલ્લેખ કોઈ ફરસાણ વિક્રેતાએ કર્યો નહોતો. વર્ષો પહેલાં ફરસાણની દુકાનમાં ક્યા ખાદ્યતેલમાં ફરસાણ બનાવવામાં આવે છે તેનો ઉલ્લેખ બોર્ડ પર કરવાનું ફરજીયાત હતું. આ નિયમનું હવે પાલન થતું નથી. પહેલાંના સમયમાં શ્રાવણ મહિનામાં અને દિવાળીના તહેવારોમાં કલેક્ટર અને જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા ફરસાણવિક્રેતા અને ઉત્પાદકોની મિટીંગ બોલાવ